ડીસા આખોલ ચાર રસ્તા પર અવાર-નવાર ટ્રાફિક સમસ્યા વિકટ બને છે. ચાર રસ્તા પર પુલની નીચે ટ્રાફિક પોઈન્ટ કાર્યરત હોવા છતાં અવાર-નવાર ટ્રાફિક ચક્કાજામની સ્થિતિ સર્જાય છે. ગતરોજ એક કલાક સુધી રસ્તો બ્લોક થઈ જતા વાહન ચાલકો પરેશાન બન્યા હતા.

સોનાસણમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે રામજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો બુધવારે પ્રારંભ થયો હતો. સમસ્ત ગ્રામજનો દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રથમ દિવસે ૧૦૮ કુંડી યજ્ઞ યોજવામાં આવ્યો હતો અને રાત્રી દરમ્યાન ભવ્ય ડાયરાનું આયોજન કરેલ છે. શુક્રવારના રોજ મૂર્તિઓની ગામમાં ભવ્ય શોભાયાત્રા તેમજ પ્રતિષ્ઠા કરવામાં આવશે. આ પ્રસંગે સોનાસણ તથા આજુબાજુના ગામોમાંથી ધર્મપ્રેમી જનતા દર્શન માટે દોઢી આવી હતી.

અરવલ્લી જિલ્લો ભીમ મય બન્યો : ઠેર-ઠેર જય ભીમના નાદ ગુંજ્યા

મોડાસામાં ડૉ. આંબેડકર જયંતિની ધામધુમપૂર્વક ઉજવણી : ભવ્ય શોભાયાત્રા નીકળી

મોડાસા, તા. ૧૪

ભારતના બંધારણના ઘડવૈયા અને મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં ધામધમપૂર્વક ઉજવણી કરાઈ હતી. યોજાયા હતા. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં અનુસૂચિત જાતિ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાંથી ૨૫૦૦થી વધુ લોકો ઉમટી પડ્યા હતા.

અરવલ્લી જિલ્લાના આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના અનુ. જાતિના લોકો જોડાયા હતા. મોડાસા ચાર રસ્તા પર આવેલા બી.આર.સી. ભવનના મેદાનમાં જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક અને દેવરાજ મંદિરના ગાદીપતિ મહંત શ્રી ધનેશ્વરગીરી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથયાત્રાનું બસ સ્ટેન્ડ નજીક મુસ્લીમ બિરાદરો, વિવેકાનંદ સોસાયટી નજીક વિશ્વ હિન્દુ પરીષદ, કલ્યાણ ચોકમાં ભાજપા નગરપાલિકા પ્રમુખ અને કોર્પોરેટરો દ્વારા પાવનસીટી નજીક કોંગ્રેસના વાતાવરણ જય ભીમના નાદથી ગુંજી ઉઠ્યુ હતુ. ભવ્ય શોભાયાત્રામાં આદિવાસી સમાજના નૃત્ય અને વિવિધ બેનરોએ અને ટેબ્લોએ આકર્ષણ જમાવ્યું હતું.

અરવલ્લી જિલ્લાની પ્રાથમિક શાળાઓ, વિવિધ સામાજીક અગ્રણી

અનુ. જાતિ સમજના અબાલ, વૃદ્ધ સૌ ભીમ મય બન્યા હતા. જિલ્લામાં ઠેર ઠેર ડૉ. બાબાસાહેબ આંબેડકરની રેલીઓ, સભાઓ, ફીલ્મ પ્રદર્શન વિવિધ સંસ્થાઓ દ્વારા મુખ્યમથક મોડાસા શહેરમાં અનુસૂચિત જાતિના યુવાનો અને અગ્રણીઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય રથયાત્રા અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના અનુ. જાતિના લોકો જોડાયા હતા. મોડાસા ચાર રસ્તા પર આવેલા બી.આર.સી. ભવનના મેદાનમાં જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક અને દેવરાજ મંદિરના ગાદીપતિ મહંત શ્રી ધનેશ્વરગીરી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથયાત્રાનું બસ સ્ટેન્ડ નજીક મુસ્લીમ બિરાદરો, વિવેકાનંદ સોસાયટી નજીક વિશ્વ હિન્દુ પરીષદ, કલ્યાણ ચોકમાં ભાજપા નગરપાલિકા પ્રમુખ અને કોર્પોરેટરો દ્વારા પાવનસીટી નજીક કોંગ્રેસના વાતાવરણ જય ભીમના નાદથી ગુંજી ઉઠ્યુ હતુ. ભવ્ય શોભાયાત્રામાં આદિવાસી સમાજના નૃત્ય અને વિવિધ બેનરોએ અને ટેબ્લોએ આકર્ષણ જમાવ્યું હતું.

અરવલ્લી જિલ્લાની પ્રાથમિક શાળાઓ, વિવિધ સામાજીક અગ્રણી અને ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પૂજા અર્ચના કરી પ્રતિમાને ફૂલહાર પહેરાવી જિલ્લા કલેક્ટર દ્વારા લીલી ઝંડી બતાવી આગેવાનો, બંધન પાર્ટી પ્લોટ નજીક પ્રેસના પત્રકાર મિત્રો તેમજ પત્રકાર પરિષદ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી જયભીમનો ઘોષ થતા અને સેવાભાવી સંસ્થાઓ તેમજ ધનસુરા, બાયડ, ભીલોડા, માલપુર, મેઘરજ તાલુકા વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૨૫મી ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો અને રેલીઓ યોજાઈ હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી શોભાયાત્રામાં ભાજપા અને કોંગ્રેસ પક્ષના રાજકીય આગેવાનોદ્વારા અનુસૂચિત જાતી સમાજના લોકોના મત મેળવવા રથયાત્રામાં અને ઉજવણીમાં જોડાયા હોવાનું લોકમુખે ચર્ચાતુ હતુ. બન્ને પક્ષના રાજકારણીઓમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિનો રાજકીય લાભ ખાટવા દોડધામ કરી મુકી હતી.

ભિલોડામાં ડા.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી

ભિલોડા,તા.૧૪

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ભિલોડામાં ડા.બાબા

સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા આંબલી બજાર વિસ્તારમાં આવેલ ડા. બાબા સાહેબ આંબેડકર ચોકમાં ભારત રત્ન ડા. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે ઉજવણી ધામ-ધુમ પુર્વક યોજાઈ હતી. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પ્રાંત અધિકારી આનંદ આચાર્ય, ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, ભિલોડા ટી.ડી.ઓ. જે.બી.મોડીયા, ભિલોડા ધારાસભ્ય ડા.અનિલભાઈ જોષીયારા, ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ પ્રમુખ, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ભિલોડા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, બલભદ્રસિંહ ચંપાવત, અમરતલાલ પરમાર, યોગેશભાઈ બુધ્ધ, રાજેશભાઈ નિનામા, રઘજીભાઈ પટેલ, કમલેશભાઈ મહેતા, રામઅવતાર શર્મા સહિત સામાજીક કાર્યકરો, રાજકીય હોદ્દેદારોએ ભિલોડા આંબલી બજાર વિસ્તારમાં આવેલ ડા.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી, સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલી અર્પણ કરી હતી. ડા.બાબા સાહેબ આંબેડકર અમર રહો, જય ભીમના સુત્રોચારો કર્યા હતા. ભારત રત્ન બંધારણના ઘડવૈયા ડા.બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતી નિમિત્તે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં રાજકીય હોદ્દેદારા, કાર્યકરો ધ્વારા ધામધુમપુર્વક ઉજવણીના કાર્યક્રમો યોજાયા હતા.

મોડાસા બસ સ્ટેન્ડ નજીક ડમ્પર ધડાકાભેર વિજપોલ સાથે અથડાતા વિજળી ગુલ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા બસસ્ટેન્ડની નજીક રબારીવાસ નજીક મંગળવારે રાત્રીના ૧૧.૩૦ કલાકે રેતી ભરેલુ ડમ્પર શામળાજી તરફથી ધનસુરા તરફ જતા ડમ્પરના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ટેલીફોન બુથ એક્સચેન્જના બોક્ષ સાથે અથડાયા બાદ બસસ્ટેન્ડ પાસે રહેલા લોખંડના વીજપોલ સાથે ધડાકાભેર અથડાતા વીજપોલ વળી ગયોહતોઅને વીજવાયર તુટી પડતા મંગળવારે મોડી રાત્રે મોડાસા બસસ્ટેન્ડ વિસ્તારમાં વિજળી ડૂલ થઈ ગઈ તી. ધડાકાભેર અવાજ આવતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. ડમ્પર ચાલક ડમ્પર ઘટનાસ્થળે મુકીનેફરાર થઈ ગયોહતો.

ધાનેરામાં આંબેડકર જયંતીની ભવ્ય ઉજવણી : શોભાયાત્રાએ ધાનેરામાં આકર્ષણ જમાવ્યુ

ધાનેરા, તા. ૧૪

સમગ્ર દેશમાં ઉત્સાહ સાથે બાબાસાહેબની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ આજે દલિત સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. બાબાસાહેબની પૂજા અર્ચના કરી ફૂલહાર ચઢાવી બાબાસાહેબની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરી હતી.

ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે ધાનેરા દલિત સમાજ દ્વારા આજે ધાનેરામાં આવેલા લાધાપુરા વિસ્તાર રામાપીરના મંદિરમાં બાબાસાહેબની પૂજા અર્ચના કરવામાં આવી હતી અને તે બાદ ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. અને આ શોભાયાત્રા ધાનેરાના વિવિધ માર્ગો પર ફરી હતી. આ શોભાયાત્રા ધાનેરામાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. તો બીજી તરફ જ્યાંથી આ શોભાયાત્રા નીકળી ત્યાં લોકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને બાબાસાહેબને ફૂલહાર ચડાવવામાં આવ્યા હતા. તે બાદ આ શોભાયાત્રા ધાનેરામાં આવેલા લાલચોક ખાતે બાબાસાહેબની પ્રતિમા પાસે

સભામાં ફેરવાઈ હતી. ત્યારબાદ બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર ચડાવી જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરી હતી. આ શોભાયાત્રામાં દલિત સમાજ સહીત અન્ય સમાજ પણ જોડાયો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

હિંમતનગરના ગઢોડા ગામે છેલ્લા ૫૦ વર્ષથી ચૈત્ર નવરાત્રી યોજાય છે. જ્યાં આસોની નવરાત્રી યોજાતી નથી ત્યારે બુધવારે સાતમની રાત્રે ગામના અને આજુબાજુના ગામના ખેલૈયાઓ ગઢ ભવાની માતાજીની ફરતી નવરાત્રીએ મનભરીને ગરબે ઘુમ્યા હતા. હિંમતનગર તાલુકાના રંગપુર ગામે ગુરૂવારે ચૈત્ર આઠમે નવદુર્ગા મંડળ દ્વારા રંગબ્બા માતાજીનો ૨૨મો પાટોત્સવ યોજાયો હતો. જેમાં ગામના ભક્તોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

કણાદરમાં ટ્રેકટર પલટી ખાઈ જતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૪

વિજયનગર તાલુકાના કણાદર ગામેથી રવિવારે પસાર થતાં ટ્રેકટર નં.જીજે.૮પી.૪૦૯૯ ના ચાલક કનૈયાલાલ જાલમાજી મેણાતે ટ્રેકટરને ગફલત ભરી રીતે ચલાવી પલટી ખવડાવી દેતાં તેમને ગંભીર ઈજા થઈ હતી. જેથી મોત નિપજયુ હતું. જે અંગે જાલમાજી રૂપાજી મેણાતે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં આંબેડકર જયંતિની ઉજવણી કરાઈ

વડાલી, પ્રાંતિજ, તલોદ, વિજયનગર, પોશીના સહિતના અન્ય સ્થળે શોભાયાત્રા અને બાઈક રેલી યોજાઈ

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે આંબેડકર જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત અનેક ઠેકાણે શોભાયાત્રા, બાઈક રેલી તથા આંબેડકરના જીવન આધારિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

તલોદના હરસોલ ગામના જયભીમ યુવા સંગઠન દ્વારા ડા. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ પ્રસંગે હરસોલ ગામમાં હરસોલ બાવીસા પરગણા પંદરગામ રોહિત સમાજ દ્વારા ડી. જે. ના તાલ સાથે રેલીનું આયોજન કર્યું હતું. તેમાં તલોદ તાલુકાના ડી. ડી. ઓ. કે. કે. ચૌધરી અને સમાજના પ્રમુખ એમ.પી. અમીન દ્વારા દીપ પ્રાગટય કરી રેલીનો પ્રારંભ કર્યો હતો. હરસોલ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા તથા હરસોલ પ્રાથમિક શાળાના સ્ટાફ અને બાળકોના સહયોગથી લોકોમાં સમરસતાની ભાવના જાગે તે માટે શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મનોજ સોલંકી, કિરણ સોલંકી, મેહુલ સોલંકી, પંકજ સોલંકી, રસિક સોલંકી, અતુલ સોલંકી દ્વારા કરવામાં આવ્યુ હતું.

ખેડબ્રહ્મા શહેરના લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે પ્રાંત અધિકારી વિશાલ સકસેના, મામલતદાર વી.બી.મકવાણા તથા નગરપાલિકા પ્રમુખ સાગર પટેલ દ્વારા ભૂમિ પૂજન કરી પ્રતિમા માટે ખાતમુર્હૂત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વિરોધપક્ષ નેતા ગોવિંદભાઈ વણકર, કારોબારી ચેરમેન પ્રવિણસિંહ સોલંકી, નગરપાલિકાના કોપીરેટરો અને નગરના મહાનુભાવોએ ડા.બાબાસાહેબ આંબેડકરના ફોટાને ફુલહાર તથા સુતરની આંટી પહેરાવી હતી. ત્યારબાદ બાઈક સવારોની રેલીનું પ્રસ્થાન કરાવ્યુ હતું.

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ નંબર-૧ ના બાળકો દ્વારા ગુરૂવારે આંબેડકર જયંતિની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય ધર્મિષ્ઠાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ નજીકમાં આવેલા મેરાવાડા ગામ સુધી બાળકોએ રેલી કાઢી હતી. ત્યારબાદ મેરાવાડા પ્રાથમિક શાળામાં બાબાસાહેબને યાદ કરી અંજલિ અપાઈ હતી. આ પ્રસંગે ખારી સરપંચ પ્રેમજીભાઈ ડામોર તેમજ શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

પોશીના તાલુકા કોંગ્રેસના કાર્યકરો દ્વારા દેલવાડા (છો) ગામે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો તથા તાલુકા કોંગ્રેસના અગ્રણીઓની ઉપસ્થિતિમાં રેલી કાઢવામાં આવી હતી. ઉપરાંત પોશીના તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગુલાબભાઈ તથા એસ.સી.સેલના પ્રમુખ નટુભાઈ પરમાર દ્વારા સુતરની આંટી પહેરાવી તેમના વિચારો અને કુનેહને બિરદાવ્યા હતા.

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે રાધકૃષ્ણ મદિર ખાતે ગુરૂવારે ડા. ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિનું વણકર સમાજ પંચ દ્વારા આયોજન થયું હતું ખેડબ્રહ્મા-વિજયનગરના ધારાસભ્ય અને તાલુકા પ્રમુખની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રર્મમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે વિજયનગર તાલુકા વણકર સમાજ પંચના વડા જે. ડી. જાદવ, મંત્રી બી. પી. ડાભી, પંકજભાઈ ભુદરા, એલ. એમ. ડાભીના જણાવ્યા અનુસાર સમાજ પંચ દ્વારા ચિઠોડા રાધાકૃષ્ણ મંદિરના પટાંગણમાં ભારતના સંવિધાનના જનક ડા. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, પંચાયત તાલુકા પ્રમુખ યશકુમાર કોટવાલ, સરપંચ લક્ષ્મણભાઈ બોદર, પ્રાથમિક શિક્ષક સંઘના અધ્યક્ષ અરવિંદભાઈ સિસોદીયાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ડા. બાબાસાહેબ આંબેડકરને શ્રધ્ધા સુમન અર્પિત કર્યા હતા.

આ પ્રસંગે સરપંચ હિફઝુરભાઈ ખરોડીયા, આચાર્ય ચિરાગભાઈ મોદી, જોરાભાઈ રબારી, દિલીપસિંહ ઝાલા, ઈશ્વરભાઈ ચમાર અને ઈન્દ્રસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ઉપરાંત કડોલી ગામે પણ આંબેડકર જયંતિની ઉજવણી અંતર્ગત પ્રાથમિક શાળામાં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્ય જગદીશભાઈ પટેલ, પંચાયતના સદસ્યો, શાળાના આચાર્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજના ભાંખરીયા વિસ્તારમાં આવેલ આંબેડકરની પ્રતિમાને આંબેડકર જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જે પ્રસંગે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, પાલિકા પ્રમુખ નિરવ પરીખ, યુથ કલબ, જયભીમ મિત્ર મંડળ તથા ખિલીયર યુવક મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત બોરીયામાં પણ આંબેડકર જયંતિની ઉજવણી અને સફાઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું.